ગાંધીનગર સમાચાર

## પેટ્રોલ-ડીઝલમાં ભાજપની ઉઘાડી લૂંટ :

# સાબરકાંઠા, અરવલ્લીમાં કોંગ્રેસ દ્વારા દેખાવો કરાયા, કેટલાક કાર્યકરો ડીટેઈન









હિંમતનગર, તા.૧૧

ગુજરાત કોંગ્રેસ દ્વારા પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો કરી ભાજપ સરકારની ઉઘાડી લૂંટ..ના આરોપ સાથે શુક્રવારે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના વડા મથક ઉપર કોંગ્રેસ દ્વારા દેખાવો કરી વિરોધ કરાતાં પોલીસ દ્વારા કોંગ્રેસના કેટલાક કાર્યકરોને ડીટેઈન કરવામાં આવ્યા હતા.

કોરોનાના કારણે મોંઘવારી ભૂલાઈ ગઈ છે પરંતુ કોરોનાનું સંક્રમણ ઘટ્યું એ સાથે જ કોંગ્રેસ પેટ્રોલ-ડીઝલ અને ગેસના ભાવ વધારા મુદ્દે ભાજપ સરકાર સામે મોરચો માંડી દીધો છે. કોંગ્રેસે આરોપ લગાવ્યો કે કેન્દ્રની ભાજપ સરકારે ૭ વર્ષમાં પેટ્રોલ ઉપર ૨૫૮ ટકા અને ડીઝલમાં ૮૨૦ ટકાની એક્સાઈઝ વધારીને પ્રજાને લૂંટવાનું કામ કર્યું છે. ૪ મે. થી ૧૦ જૂન સુધીમાં પેટ્રોલ અને ડીઝલમાં ૨૨ વખત ભાવ વધારો કર્યો છે. ક્રૂડના ભાવમાં ઘટાડા છતાં કેન્દ્રએ એક્સાઈઝ ડ્યુટી ૯ રૂા.થી વધારીને પ્રતિલીટર રૂા.૩૩ કરી દીધી છે. જેના વિરોધમાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લા કોંગ્રેસના આગેવાનો દ્વારા વડા મથક ઉપર બેનરો સાથે પ્રતિકાર ધરણાંનું આયોજન કરવામાં આવ્યું હતું. ધરણાં ઉપર બેઠેલા કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરોની મોડાસા ટાઉન પોલીસે અટકાયત કરી હતી.

## ગાંધીનગર સુધી ફરિયાદ : અરવલ્લીમાં પ્રધાનમંત્રી સડક યોજનાના કામમાં વેઠ ઉતારી, અધિકારીઓની મીલીભગત

### ભાજપ અગ્રણીના ખુલ્લા આક્ષેપથી હડકંપ મચ્યો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૧

અરવલ્લીના બાયડ તાલુકામાં પ્રધાનમંત્રી સડક યોજના હેઠળ બની રહેલા ઘોડનાલ-વજેપુરા-ચાંદરેજ-માથાસૂલીયા રોડના કામમાં એજન્સી વેઠ ઉતારી રહી છે. સાઈડોમાં યોગ્ય મેટલીંગ વગર ક્વોરીનો ડસ્ટ નાખી સાઈડો પૂરવામાં આવે છે. કાર્યપાલક ઈજનેરને લેખિત ફરિયાદ પછી પણ તપાસમાં રસ નથી જેથી આ મામલે ભાજપના અગ્રણી દ્વારા ગાંધીનગર ફરિયાદ કરી પ્રધાનમંત્રી સડક યોજનાની કામગીરીની તપાસ સાથે અધિકારીઓની મીલીભગતના આક્ષેપ કર્યા છે.

અરવલ્લી જિલ્લામાં આર. એન્ડ બી. જિલ્લા પંચાયતના અધિકારીઓ કોન્ટ્રાક્ટરો સાથે ભળી જઈને તેમના વાહનોમાં ફરતા થયા છે ત્યારથી ડામર રોડની માઠી દશા બેઠી છે. ગુણવત્તા વગરના રોડ થોડાક મહિનાઓમાં જ તહસ નહસ થઈ જાય છે. કોઈ વિસ્તારમાંથી નબળા કામ અંગે ફરિયાદ આવે એટલે ભ્રષ્ટ અધિકારીઓ આવી અરજી દેખાડી કોન્ટ્રાક્ટરને નીચોવી નાખવાની રમત શરૂ કરે છે. અંદાજીત રૂા.૯ કરોડના ખર્ચે પ્રધાનમંત્રી સડક યોજના હેઠળ જંત્રાલ-ઘોડનાલ-વજેપુરા-ચાંદરેજ-માથાસૂલીયા રોડનું કામ અત્યંત ધીમી ગતિએ ચાલી રહ્યું છે. ભાજપના અગ્રણી અને જિલ્લા પંચાયતના પૂર્વ બાંધકામ સમિતિ ચેરમેન અદેસિંહ ચૌહાણે રોડના કામમાં વેઠ ઉતારવામાં આવી રહી છે. ટેન્ડર પ્રમાણે કામ થતું નથી. સાઈડ પુરણમાં મેટલના બદલે માત્ર ડસ્ટ નાખી રસ્તો સમથળ બનાવી દેવામાં આવ્યો છે તેવી ફરિયાદ કાર્યપાલક ઈજનેરને આપ્યા પછી પણ કોઈ તપાસ થઈ નથી જેથી ભાજપ અગ્રણીએ રાજ્ય સરકાર તેમજ પ્રભારી મંત્રીને રોડના કામમાં થઈ રહેલી ગેરરીતી બાબતે યોગ્ય તપાસ કરવા રજૂઆત કરી છે. જિલ્લા પંચાયત તાબાના રોડના કામની તપાસ થાય તો કોન્ટ્રાક્ટર અને અધિકારીઓની ચાલતી મીલીભગતનો પર્દાફાશ થઈ શકે છે.

**ઈજનેરને તપાસ કરવાનો સમય નથી : ભાજપ અગ્રણી**

બાયડ : જિલ્લા ભાજપ અગ્રણી, બાંધકામ સમિતિના પૂર્વ ચેરમેન અદેસિંહ ચૌહાણે આરોપ લગાવ્યો છે કે મારા ગામમાંથી પસાર થતા પ્રધાનમંત્રી સડક યોજના હેઠળ બની રહેલા રોડના કામમાં વેઠ ઉતરી રહી છે. મેં લેખીત ફરિયાદ કરી તેના ૧ મહિના પછી પણ ઈજનેરને તપાસ કરવાનો સમય નથી. જેથી ન છૂટકે રાજ્ય સરકાર તેમજ પ્રભારી મંત્રીને લેખિત ફરિયાદ કરી છે.

## ઈલુ ઈલુ : મહિલા અધિકારી-પ્રેમીએ અંગત પળોનું વિડીયો કોલીંગ કર્યું અને..!!

### રોમાન્સ માટે બે સાથી કર્મીઓને રાજસ્થાનની હોટલમાં રવાના કર્યા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૧

જિલ્લામાં મહિલા અધિકારીના ઈલુ..ઈલુએ હડકંપ મચાવ્યો છે. બહાર આવેલી વિગતો અનુસાર મહિલા અધિકારી-પ્રેમીએ અંગત પળોનો રોમાન્સ વિડીયો કોલીંગથી એક મિત્રને દેખાડવા જતાં ધમસાણ મચી ગયું. રોમાન્સ માટે મહિલા અધિકારીને કોઈ અડચણ ન થાય તે માટે બે સાથી કર્મચારીઓને રાજસ્થાની હોટલમાં જઈ ઐયાશી કરવા માટેની વ્યવસ્થા કરી આપ્યાનું બહાર આવ્યું છે.

જાગતા રહેજો..ની જેમ ક્યારેક પોતાના ગળામાં જ કાંઠલો આવી જાય તેવી સ્થિતિ પેદા થાય છે. પોતાને ચકોર ગણાવતા મહિલા અધિકારીને જમાનાના ખાઈ બદેલા યુવાને પ્રેમ જાળમાં ફસાવી કોરોનાના કપરા કાળમાં ઐયાશી સાથે વધુ આવક મેળવવાનો કીમીયો કારગત નિવડ્યો છે. મહિલા અધિકારીની વધુ પડતી કામુકતા અને પ્રેમ આંધળો હોય છે તે ઉક્તિ અનુસાર પોતે કોણ છે તે ભૂલીને સતત પ્રેમીમય બની ગયેલા મહિલા અધિકારીનો મામલો હેડક્વાટર્સ સુધી પહોંચ્યો અને તહલકો મચાવી રહ્યો છે. પરંતુ તેજાબ જેવી અરજીને અડકવા માટે કોઈ અધિકારી તૈયાર નથી જેના કારણે તપાસમાં વિલંબ થઈ રહ્યો છે. માત્ર કેટલાંક નિવેદનો પછી તેના ઉપર બ્રેક વાગી છે. બહાર આવેલી સનસનીખેજ વિગતો અનુસાર મહિલા અધિકારી અને તેનો પ્રેમી ૧૩૦ કી.મી. દૂર એક હોટલમાં પહોંચ્યા હતા. જ્યાં હોટ દ્રશ્ય વિડીયો કોલીંગથી કોઈકને દેખાડ્યા હતા. સામેવાળો પણ જમાનાના ખાઈ બદેલો હતો તેને મહિલા અધિકારી અને પ્રેમીના હોટ દ્રશ્યનો સ્ક્રીન શોર્ટ લઈ લેતાં નવી ઉપાધી શરૂ થઈ છે. મહિલા અધિકારી સાથે બે સાથી કર્મીઓ હતા તે રાજસ્થાનમાં ક્યાં રોકાયા..?? તેમના મોબાઈલ ફોન ટ્રેસ કરાવવામાં આવે તો સાચુ લોકેશન બહાર આવશે.

**મહિલા અધિકારી કોણ..?? નામ જાણવા ફોન સતત રણક્યા..**

બાયડ : જિલ્લામાં મહિલા અધિકારીના ઈલુ ઈલુએ હડકંપ મચાવ્યો છે. એકમાત્ર ગાંધીનગર સમાચારમાં અહેવાલ પ્રસિદ્ધ થયા પછી મહિલા અધિકારી કોણ..?? તે જાણવા માટે ખુદ અધિકારીઓમાં હોડ જામી હતી. ગાંધીનગર સમાચાર બ્યુરો ઓફીસના દિવસ દરમ્યાન ફોન સતત રણકતા રહ્યા હતા.

## ગુલ્લીબાજ સામે કાર્યવાહી કરો : આકરૂન્દમાં વારંવાર વીજળી ડૂલ, ૫ મીનીમેન્ટેનન્સ કર્મીઓ રોકાતા નથી

### વિલેજ હેલ્પરે ઈરાદાપૂર્વક મોબાઈલ બગાડ્યો, ખાનગી નંબર કોઈને આપતા નથી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૧

ધનસુરા તાલુકાના આકરૂન્દ પંથકમાં વરસાદના બે છાંટા કે વાવાઝોડું આવે એટલે વીજળી કલાકો સુધી ડૂલ થઈ જાય છે. આકરૂન્દ સબ સ્ટેશનમાં મીની મેન્ટેનન્સ માટે ૫ કર્મચારીઓની નિયુક્તિ કરી છે પરંતુ રાત્રિ રોકાણ કરતા નથી જેથી ગુલ્લીબાજ કર્મચારીઓ સામે દાખલારૂપ કાર્યવાહી કરવાની આકરૂન્દના યુવાનોએ માંગ કરી છે. વિલેજ હેલ્પર ગ્રાહકો ઉપર ઉપકાર કરતા હોય તેમ ઈરાદાપૂર્વક મોબાઈલ બગાડ્યો છે અને ખાનગી નંબર કોઈને આપતા ન હોવાની પણ ફરિયાદ સામે આવી છે.

ઔદ્યોગિક એકમોથી સરકારને દર વર્ષે કરોડોની રોયલ્ટી આવક આપતા આકરૂન્દ પંથકમાં પર્યાપ્ત ભૌતિક સુવિધાઓનો અભાવ જોવા મળી રહ્યો છે. પાછલા ૨૦ વર્ષનો ઈતિહાસ ચકાસવામાં આવે તો આકરૂન્દ તથા પંથકના ગામડાઓને વિજ તંત્રની હેરાનગતિમાં કોઈ ઓટ આવી નથી. તાજેતરમાં જ વાવાઝોડા સાથે વરસાદ આવ્યો એટલે ગામમાં વીજળી ડૂલ થઈ ગઈ, કોરોનાગ્રસ્ત દર્દીઓ પરેશાન બની ગયા, નજીકના ગામડાઓમાં પણ વીજળી ડૂલ થઈ ગઈ, જાગ્રત નાગરિકોએ વડી કચેરીમાં જાણ કર્યા પછી ધનસુરા યુ.જી.વી.સી.એલ.માંથી કર્મચારીઓને દોડાવી વિજ પુરવઠો શરૂ કરવામાં આવ્યો ત્યારે સવાલ એ થાય છે કે આકરૂન્દ સબસ્ટેશન માટે ૫ મીની મેન્ટેનન્સ કર્મચારીઓની નિયુક્તિ કરાઈ છે તેમને રાત્રિ રોકાણ પણ સબ સ્ટેશનમાં કરવાનું હોય છે પરંતુ તેઓ અંધારૂ થાય એટલે પલાયન થઈ જાય છે અને વીજળી ડૂલ થાય એટલે પ્રજાને અંધારામાં અટવાઈ પડવાની નોબત આવે છે. આ અંગે તલોદ વર્તુળના કાર્યપાલક ઈજનેર તેમજ રાજ્ય સરકારના ઉર્જા વિભાગને લેખિત ફરિયાદ કરવામાં આવી છે.

## શામળાજી નજીક જૈન સાધ્વી ગુમ થયા, નાટ્યાત્મક ઢબે મળી આવ્યા

### ગુમ સાધ્વિને શોધવા ડોગ સ્કવોર્ડની મદદ લેવાઈ, ઘૂંટાતું રહસ્ય

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૧

ભિલોડાના શામળાજી નજીક જૈન સાધ્વિ મહારાજજી કિર્તિકા મહારાજજી ધન્નાસિંહ રાવત (ઉ.૩૮ વર્ષ) કુદરતી હાજતે જવું છું તેમ કહી સંઘ થોભાવ્યો હતો અને ગુમ થઈ જતાં જૈન સમાજના આગેવાનો અને પોલીસ દોડતી થઈ. ગુમ સાધ્વિને શોધવા ડોગ સ્કવોર્ડની મદદ લેવાઈ ત્યારે નાટ્યાત્મક ઢબે ગુમ થયેલાં સાધ્વિ ગડાધરકંપાથી મળી આવતાં પોલીસે રાહતનો દમ લીધો છે પરંતુ અનેક રહસ્ય ઉભા થયા છે.



પ્રાપ્ત વિગતો અનુસાર ધોમધખતો તાપ હોય કે પછી અનરાધાર વરસાદ, કડકડતી ઠંડી તો પણ જૈન સાધુ મહારાજો અને તપસ્વી સાધ્વિ અને જનકલ્યાણ માટે પદયાત્રા કરી એક સ્થળેથી બીજા સ્થળે વિહાર કરતાં હોય છે. ગત રોજ વિહાર કરતા સાધ્વિ મહારાજજી કિર્તિકા સુનોખ ગામ નજીક શાળામાં વિશ્રામ કર્યો અને કુદરતી હાજતે જવાનું કહી ને નિકળ્યા અને ત્યારબાદ પરત ન આવતાં તેમની સાથે સંઘમાં રહેલા સાધ્વિ-શ્રાવકો ચિંતિત બન્યા. દૂર દૂર સુધી જઈ આવ્યા પરંતુ ગુમ સાધ્વિ જોવા ન મળતાં શામળાજી પોલીસને જાણ કરવામાં આવી. પોલીસે તાબડતોબ ડોગ સ્કવોર્ડની મદદ લીધી પરંતુ સ્નિફર ડોગ શાળાની નજીક આવેલા ખેતરમાં ફર્યા પછી રોડ ઉપર ઉભો રહી જતાં પોલીસ પણ મૂંઝવણમાં મૂકાઈ. એક તબક્કે સાધ્વિ સંઘ છોડીને જતા રહ્યાની આશંકા ઉભી થઈ. પોલીસે તે દીશામાં તપાસ કરી પરંતુ બીજા દિવસે તેઓ નાટ્યાત્મક ઢબે મળી આવતાં પોલીસે રાહત અનુભવી છે.

## ભિલોડા કંપામાં સુકો ઘાસચારો ભરેલી ટ્રક આગની જ્વાળાઓમાં લપેટાઈ

### કોઈ પણ અગમ્ય કારણોસર આગ ભભુકી

ભિલોડા,તા.૧૧

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ભિલોડા કંપા સીમ વિસ્તારમાં સુકો ઘાસચારો ભરેલી ટાટા ટ્રક અગમ્ય કારણોસર ભડભડ સળગતા ઘટના સ્થળ પર લોકોના ટોળે-ટોળા એકત્રીત થઈ ગયા હતા.પલભરમાં લાખ્ખો રૂપિયાનું નુકસાન ટ્રક સંચાલક અને પશુ પાલકને સહન કરવાનો વારો આવ્યો હોય પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે ટ્રક ચાલક સહિત મજુરોનો ચમત્કારીક રીતે બચાવ થયો હતો. નરસિંહભાઈ ચંદુભાઈ ખરાડી,સરદાર રોડવેઝ,સુનસરવાળાની ટાટા ટ્રકમાં ગત રોજ ભિલોડા કંપાના સીમ



વિસ્તારમાં આવેલ ખેડુતના ખેતરમાંથી સુકો ઘાસચારો ટ્રકમાં ભર્યો હોય પરંતુ કોઈ પણ અગમ્ય કારણોસર ઘાસચારો ભરેલી ટ્રક એકા-એક સળગતા આગના ગોટે-ગોટા દુર - દુર સુધી પ્રસર્યા હતા.ખેડુતો અને પશુ પાલકોના ટોળે-ટોળા એકત્રીત થઈ ગયા હતા.ટ્રક અને ઘાસચારો આગની જ્વાળાઓમાં ભસ્મીભુત થઈ ગયો હતો. મોડાસા ફાયર બ્રિગેડની ટીમ ઘટના સ્થળ પર પહોંચે તે પહેલાં જ સુકો ઘાસચારો ભરેલી ટ્રક ભડભડ આગની જ્વાળાઓમાં લપેટાઈ હતી.ફાયર બ્રિગેડની ટીમે આગ પર કાબુ મેળવવા પાણીનો મારો ચલાવ્યો હતો.

ભિલોડા તાલુકામાં કોઈ પણ જગ્યાએ કોઈ પણ કારણોસર અવાર-નવાર આગ લાગવાના બનાવો બનતા હોય છે ત્યારે હિંમતનગર,મોડાસાથી ફાયર બ્રિગેડની ટીમ આવે ત્યાં સુધીમાં તો લાખ્ખો રૂપિયાનું નુકસાન થઈ જતું હોય છે.ફાયર બ્રિગેડની ટીમની કાયમી ધોરણે સત્વરે વ્યવસ્થા કરવામાં આવે તેવી જાગૃત પ્રજાજનોની પ્રબળ માંગણી છે.

## અરવલ્લી જિલ્લા ભાજપ મહિલા મોરચાના મહામંત્રી તરીકે પ્રીતિબેન ઠેકડીની નિમણૂક





ધનસુરા, તા. ૧૧

અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠનમાં વિવિધ મોરચા ના હોદ્દેદારો ની નિમણૂક કરવામાં આવી છે જેમાં અરવલ્લી જિલ્લા ભાજપ મહિલા મોરચા ના મહામંત્રી તરીકે ધનસુરા ના વતની અને વર્ષો થી ભાજપ માં કાર્યકરતા પ્રીતિબેન ઠેકડી ની નિમણૂક કરવામાં આવી છે તો અરવલ્લી ભાજપ અનુસુચિત જાતિ મોરચા ના પ્રમુખ તરીકે દિનેશભાઈ સોનેરી ની નિમણૂક કરાઈ છે બંને ની સંગઠન માં નિમણૂક થતા ધનસુરા ના અગ્રણીઓએ અભિનંદન પાઠવ્યા હતા જિલ્લા ભાજપ ના પ્રમુખ રાજેન્દ્રભાઈ પટેલ ધ્વારા આ નિમણૂક કરાઈ હતી જિલ્લા ભાજપ સંગઠન માં મહિલા મોરચા,બક્ષીપંચ મોરચા,અનુ.જાતિ મોરચા,અનુ.જનજાતિ મોરચા અને લઘુમતી મોરચામાં પ્રમુખ,મહામંત્રી ની નિમણૂક કરાઈ છે

**અરવલ્લી ભાજપ અનુસુચિત જાતિ મોરચાના પ્રમુખ તરીકે દિનેશભાઈ સોનેરીની નિમણૂક**

## અવસાન નોંધ




ઈડર તાલુકાના નાના કોટડા ગામના વતની રમલાવત સજનબા કેસરીસિંહ નું દુઃખદ અવસાન તારીખ ૮/૬/૨૦૨૧ ને મંગળવાર ના રોજ થયેલ છે. સદ્દગતનું ટેલિફોનીક બેસણું તારીખ ૧૩/૬/૨૦૨૧ ના રોજ રાખેલ છે.

### આસ્થાના ખુલ્યા દ્વાર...

## શામળાજી મંદીરના દ્વાર ભક્તો માટે ખુલ્યા, સરકારી ગાઈડલાઈન ચુસ્ત અમલવારી

શામળાજી, તા. ૧૧

સમગ્ર રાજય સહીત અરવલ્લી જિલ્લામાં કોરોના સંક્રમણ ઘટી રહયું છે. પોઝીટીવ કેસ પણ ઘટી રહયા હોઈ મોટી રાહત વર્તાઈ રહી છે. ત્યારે રાજય સરકાર દ્વારા અમલી નિયંત્રણોમાં વધુ છુટછાટો જાહેર કરાતાં બે માસ બાદ આજે વિશ્વ પ્રસિધ્ધ ભગવાન શામળીયાજીનું ભવ્ય મંદીર ભક્તોના દર્શન માટે ખુલ્લુ મુકવામા આવ્યું હતું શામળાજી મંદિરના દ્વાર ભક્તો માટે ખુલતા કાળીયા ઠાકોરના ભાવભેર દર્શન કરી ધન્યતા અનુભવી હતી શામળાજી મંદીર ટ્રસ્ટ દ્વારા મંદિરમાં ભક્તો દર્શન પૂરતી તકેદારી અને કોરોના ગાઈડ લાઈનના સંપૂર્ણ પાલન સાથે કરી શકે તે માટે યોગ્ય વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી



શામળાજી મંદિર સવારે ૬ થી રાત્રે ૮ વાગ્યા સુધી ખુલ્લું રહેશે.

કોરોનાની મહામારીના કારણે મંદિરને બંધ રાખવાની તંત્રને ફરજ પડી હતી. સરકારની ગાઈડલાઈન મુજબ શુક્રવારે ગડાધર ભગવાન વિષ્ણુજીનું શામળાજી મંદિર બે મહિના બાદ મંદિરના દ્વાર ખોલવામાં આવ્યા છે શામળાજી મંદિરમાં ભગવાન કાળીયા ઠાકોરના દર્શન કરવા ભક્તોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો જોકે કોરોના મહામારીના પગલે મંદિરમાં ભક્તોની પાંખી હાજરી જોવા મળી હતી બે મહિનાથી મંદિર બંધ રહેતા અહીંના ધંધા, રોજગાર ઠપ થઈ જવા પામ્યા હતા. જે હવે પુનઃ ધમધમતા થતા તથા યાત્રાધામ યાત્રિકોની આવનજાવનથી ફરી જીવંત બનતા સ્થાનીક લોકોમાં આનંદ છવાયો હતો

## જન્મદિને વધામણી



નિલેષભાઈ જે. પટેલ
(જે. પી. મેડીકલ સ્ટોર્સ)
બાયડ, જિ.અરવલ્લી



ડૉ. હેમંતભાઈ જી. પટેલ
(સ્વામિનારાયણ સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી



પ્રફુલ્લ પટેલ
વડાગામ, તા.ધનસૂરા



ડૉ. જનકભાઈ પ્રજાપતિ
શીકા, તા.ધનસુરા



રમેશભાઈ પંડ્યા
જૂનીશિણોલ, તા.ધનસુરા



સંજય કે. નાયક
(પ્રા.શિક્ષક : કસાજીનામુવાડા)
(શિવમ્ પાર્ક સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી



વિનુભાઈ પટેલ
ચોરીવાડ, તા.ઈડર



કેયૂરભાઈ એન. શાહ
ધનસુરા, જિ.અરવલ્લી